## બહુચર્ચિત હેડ ક્લાર્ક પેપર લીક કાંડના

# ત્રણેય આરોપીઓના ચાર દિવસના રીમાન્ડ મંજુર

### દિપક, મંગેશ અને કિશોરની કરાઇ હતી ધરપકડ : પોલીસ દ્વારા ૧૪ દિવસના રીમાન્ડની માંગ કરી : અમદાવાદથી ઝડપી ત્રણેય આરોપીઓને પ્રાંતિજ કોર્ટમા રજુ કરવામા આવ્યા

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉંછા ખાતે આવેલ ફાર્મ હાઉસ ઉપરથી ગૌણ સેવા પસંદગીના પેપર લીક મામલે અમદાવાદથી ઝડપી પાડેલ વધુ ત્રણ આરોપીઓને ગાંધીનગર પોલીસ દ્વારા ૧૪ દિવસના રીમાન્ડની માંગ સાથે પ્રાંતિજ કોર્ટમા રજુ કર્યા.

બહુચર્ચિત ગૌણ સેવા પ્રસંદગી મામલે પ્રાંતિજ પોલીસ દ્વારા વધુ ત્રણ નામો ખુલ્તા આ પ્રકરણ વધુ ત્રણ આરોપીઓ મળી આવતા ગાંધીનગર પોલીસ દ્વારા દિપક મહેન્દ્ર ભાઈ પટેલ રહે. હાથીજણ તા. દહેગામ જિ.ગાંધીનગર ધંધો સીંગરવા સરકારી હોસ્પિટલમા સ્ટાફ બ્રધર તથા મંગેશ શશીકાંત શીરકે રહે નવા નરોડા, અમદાવાદ ધધો- એચ.સી.જી.હોસ્પિટલ, મીઠાખળી ખાતે નાઈટ મેનેજર તથા કિશોર કાનદાસ આચાર્ય રહે.મણીપુર વડ, તા.સાણંદ, અમદાવાદ પ્રિન્ટીંગ સુપરવાઈઝરવાળાને ગાંધીનગર એલ.સી.બી દ્વારા અટકાયત કરવામા આવી હતી. તો દિપક મહેન્દ્ર પટેલે આ પ્રશ્નપત્ર નરોડા ખાતે રહેતા મંગેશ શશીકાંત શીરેક પાસેથી મેળવી નવ લાખ રૂપિયામા તા.૯-૧૨-૨૦૨૧ના રોજ દેવલ જશવંત પટેલ તથા જયેશ ઈશ્વરભાઈ પટેલ રહે. ઉંછા પ્રાંતિજવાળાને આપેલ તો મંગેશ શશીકાંત સીરેક કે આ પ્રશ્નપત્ર પોતાની પત્નીના કૌટુંબિક કાકા કિશોર કાનદાસ આચાર્ય પાસેથી મેળવેલ હતુ અને કિશોર કાનદાસ આચાર્ય જે પ્રિન્ટીંગ પ્રેસમા ગૌણ સેવા પસંદગી મડળ પ્રશ્નપત્ર સારૂ આપેલ હતા તેમા પ્રિન્ટીંગ પ્રેસમા પ્રિન્ટીંગ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે તો ગાંધીનગર એલસીબી તથા જિલ્લા ડીવાયએસ કે.એસ. સૂર્યવંશી તથા પ્રાંતિજ પોલીસ દ્વારા જયેશ પટેલના વિડીયો મેસેજના આધારે આ પેપર લીક કૌભાંડના વધુ ત્રણેય આરોપીઓને અમદાવાદ ખાતે ઝડપી પાડી હતા જેમા અને પ્રાંતિજ પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમા બી.જી.સોલંકીનાઓ સમક્ષ દિપક, મંગેશ અને કિશોરને કોર્ટમા રજુ કરવામા આવ્યા હતા અને પોલીસ દ્વારા વધુ પુછપરછ માટે ૧૪ દિવસના રીમાન્ડની માંગ કરી હતી તો બન્ને પક્ષોના વકીલોએ ધારદાર રજૂઆત કરી હતી તો પ્રાંતિજ કોર્ટ દ્વારા ચાર દિવસના રીમાન્ડ મુજબ કર્યા હતા. જેમા ૨૪-૧૨-૨૦૨૧ને શુકવાર બપોર સુધીના રીમાન્ડ મંજુર કરવામા આવ્યા હતા.



# સમયદાનનો પરીપત્ર અને શિક્ષકોને ચૂંટણીની કામગીરીમાં મોકલ્યા

બાયડ, તા. ૨૦

રાજ્યમાં કોરોનાના કારણે શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં લર્નિગ લોસ વધતાં ચિંતિત બનેલા શિક્ષણ વિભાગે સમયદાન માટે પરીપત્ર કર્યો પરંતુ જિલ્લામાં શનિવારથી ચૂંટણીની કામગીરીમાં શિક્ષકોને મોકલવામાં આવતાં અનેક સરકારી પ્રા. શાળામાં તમામ શિક્ષકોને ચૂંટણીમાં મોકલતાં આવી શાળાઓમાં અન્ય શાળાના શિક્ષકોને બંદોબસ્તમાં મોકલવામાં આવ્યાની વિગતો સામે આવી છે. નિવૃત્ત શિક્ષકોને ચૂંટણીની કામગીરી સોંપવામાં આવે તો શિક્ષકો શાળામાં સમયદાન આપી શકે છે.

કોવિડ-૧ના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય લાંબા સમયથી બંધ રહેવાના કારણે ધો.૧ થી ૮ અને ધો. ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ સ્તરમાં ઘટાડો થયાનું ગંભીર તારણ બહાર આવતાં તા.૧૫ ડિસેમ્બરથી ૧૫ એપ્રિલ સુધી શાળાઓમાં ૧૦૦ કલાકનું સમયદાન કરવા પરીપત્ર કરાયો છે અને સમયદાન માટે શાળાઓ શાળા સમય પહેલા ૧ કલાક અને શાળા સમય પહેલાં અડધો કલાક તેમજ શાળા સમય બાદ અડધો કલાક મુજબ પોતાની સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરીયાત મુજબ આયોજન કરવા જણાવ્યું છે. શિક્ષકોએ પણ બાળકોનું ભવિષ્ય સુધરતું હોય તો ૧૦૦ કલાક નહીં પરંતુ ૨૦૦ કલાક સમયદાન આપવાની તૈયારી બતાવી છે પરંતુ જિલ્લામાં ગ્રામ્ય પંચાયતોની ચૂંટણી જંગ હોવાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વહીવટીતંત્ર જાણતું હોવા છતાં અનેક શાળાઓના સંપૂર્ણ સ્ટાફને ચૂંટણી કામગીરીમાં મૂકવામાં આવ્યા હતા. મામલતદાર સ્થાનિક ચૂંટણી અધિકારીને પણ ધ્યાન દોરવા છતાં ઓર્ડર ૨૬ ન થતાં શનિવારે અનેક શાળાઓમાં નજીકની શાળાઓમાંથી બંદોબસ્ત ગોઠવવાની નોબત આવ્યાનું જાણવા મળ્યું છે.

## ગુજરાત વહીવટી વર્ગ-૧ ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧-૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધીકારી સેવા વર્ગ-૨ની પરીક્ષા ૨૬મીએ યોજાશે

ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી વર્ગ-૧ ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧-૨ અને ગુજરાત નગર પાલિકા મુખ્ય અધીકારી સેવા વર્ગ-૨ ની પરીક્ષા ૨૬ ડિસેમ્બર- પેપર- ૧ સવારે ૧૦ થી ૧ અને પેપર-૨ ૩-થી ૬ લેવામાં આવશે. પરીક્ષા શાંતિમાં વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા કલેકટર ડૉ નરેન્દ્રકુમાર મીના અધ્યક્ષસ્થાને પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી.

# સાબરકાંઠામાં ગ્રામ પંચાયતની ચૂંટણી જંગ, ૫૯૨ કર્મચારીઓને મત ગણતરીની જવાબદારી

### મોડી રાત્રિ સુધી મતગણતરી ચાલે તેવી સંભાવના

બાયડ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાની મુદત પૂર્ણ કરતી તેમજ પેટાચૂંટણી સહિતની ૨૩૧ ગ્રામ પંચાયતોમાં રવિવારે મતદાન યોજાયા પછી તા. ૨૧ ડિસેમ્બરે તાલુકા મથકોએ મત ગણતરી હાથ ધરાશે જેમાં ૮ સ્થળે યોજાનારી મત ગણતરીમાં ૭૩ ટેબલ ઉભા કરવામાં આવ્યા છે અને મત ગણતરીમાં ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી અને મત ગણતરી સ્ટાફ સહિત કુલ-૫૯૨ કર્મચારીઓ મતગણતરી કરશે. બેલેટ પેપરથી મતદાન યોજાયું હોવાથી માંડી રાત્રિ સુધી મતગણતરી ચાલે તેવી સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા. ૨૨ નવેમ્બરે ચૂંટણી અંગેનું જાહેરનામું અમલી બન્યું ત્યારથી અધિકારી-કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા. મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતો પૈકી જિલ્લાની ૨૩ ગ્રામ પંચાયતો સંપૂર્ણ સમરસ જાહેર થઈ છે. જ્યારે ૨૩૧ ગ્રામ પંચાયતમાં સરપંચ અને વોર્ડની હરિફાઈ રહેતાં રવિવારે ૧૪ તાલુકાના ૫૯૯ મતદાન મથકો ઉપર ચૂસ્ત સુરક્ષા પ્રબંધ વચ્ચે મતદાન યોજાયું હતું.

ગામના વિકાસ માટે મતદારોએ ઉત્સાહથી મતદાન કર્યું હતું. ત્યારબાદ મતપેટી રીસીવિંગ સેન્ટર પરના સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવી છે. મંગળવારે મત ગણતરી શરૂ કરવામાં આવશે. જેમાં વર્ગ-૧,૨,૩ સહિતના અધિકારી-કર્મચારીઓને મત ગણતરીની જવાબદારી સોંપવામાં આવી છે.

**મતગણતરી...**

| તાલુકો | પંચાયત | મતગણતરી ટેબલ | ચૂંટણી અધિકારી | મદદનીશ ચૂંટણી અધિકારી | મતગણતરી સ્ટાફ |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૬૧ | ૧૩ | ૧૩ | ૧૩ | ૬૮ |
| ઈડર | ૫૬ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૫૦ |
| વડાલી | ૨૪ | ૦૮ | ૦૮ | ૦૮ | ૪૨ |
| ખેડબ્રહ્મા | ૧૪ | ૦૬ | ૦૬ | ૦૬ | ૩૬ |
| વિજયનગર | ૨૩ | ૦૬ | ૦૬ | ૦૬ | ૩૦ |
| પોશીના | ૦૮ | ૦૪ | ૦૪ | ૦૪ | ૨૪ |
| પ્રાંતિજ | ૨૪ | ૦૮ | ૦૮ | ૦૮ | ૬૪ |
| તલોદ | ૨૧ | ૧૦ | ૧૦ | ૧૦ | ૩૨ |

# ઠંડીનો પ્રકોપ વધતાં સવારે રસ્તા સૂમસામ, ચાની કીટલીઓ પર ભીડ

### જિલ્લામાં શીતલહેરનું મોજું ફરી વળ્યું, પોળો વિસ્તાર ૭ ડિગ્રી સાથે ઠંડોગાર : આજથી ઠંડીમાં રાહતની સંભાવના

બાયડ, તા. ૨૦

ઉત્તર ભારતમાં હિમવર્ષા શરૂ થતાં ગુજરાતમાં ઠંડી પ્રકોપ વધ્યો છે. સોમવાર પરોઢ જિલ્લામાં શીતલહેરનું મોજું ફરી વળતાં જનજીવન ઉપર તેની વ્યાપક અસર જોવા મળી. વિજયનગનો પોળો વિસ્તાર ૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી વધુ ઠંડો વિસ્તાર નોંધાયો હતો. જયારે ખેડબ્રહ્મા, પોશીના, ઈડરમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાતાં સમગ્ર વિસ્તાર ઠંડી પ્રકોપથી થરથરતો જોવા મળ્યો. ઠંડી પ્રકોપ વધતાં પ્રજા ઘરમાં પુરાઈ રહી હતી. રસ્તા સૂમસામ ભાસતા હતા જ્યારે ચાની કીટલીઓ ઉપર ભીડ જોવા મળી. આજે મંગળવારથી જિલ્લામાં ઠંડીનું જોર ઘટવાની સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાના કારણે સમગ્ર ઉત્તર ગુજરાત ઠંડીની આગોશમાં આવી ગયું છે. રવી વારેતરમાં ઉછાળા પછી ઠંડીનું પ્રમાણ ઘટતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા. છેલ્લા ૪ દિવસથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધતાં રવી



વાવેતરને ફાયદાની શરૂઆત થઈ હતી. જ્યારે ઉત્તર ભારત ઠંડીમાં હુઠવાતા કાતિલ શીતલહેરની આગાહી કરવામાં આવી હતી.

ગત રાત્રિથી જિલ્લામાં ઠંડીનો ચમકારો હાવી થયો અને ઠંડીથી બચવા લોકો ઘરમાં પુરાઈ ગયા હતા. છેલ્લા ચાર દિવસથી પરોઢે ઠંડીનું પ્રમાણ વધતાં મોર્નિંગ વોક કરનારા લોકોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો. દેવ મંદિરોમાં દર્શનાર્થીઓ ઘટ્યા હતા જ્યારે એસ.ટી. બસ અને ખાનગી વાહનોમાં પણ ઠંડીના કારણે મુસાફરોની સંખ્યામાં ઓટ જોવા મળી. જ્યારે ઠંડીએ શૈક્ષણિક સંકુલોને પણ પ્રભાવિત કરતાં પ્રાથમિક વિભાગમાં બાળકોની પાંખી હાજરી નોંધાઈ હતી. આજે જિલ્લાના વિજયનગર પોળો, ખેડબ્રહ્મા, પોશીના, ઈડર સહિતના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧ થી ૨ ડિગ્રી ગગડ્યા પછી હવે ઠંડીના કોપમાં રાહત થઈ શકે છે.

# મતદારોનું છપ્પડ ફાડકે મતદાન અનેક ઉમેદવારોની ઉંઘ હરામ

### આજે મત ગણતરી : ૪૨૧ ગ્રામ પંચાયતના ૧૮૯૮ સરપંચ મૂરતિયાઓના ભાવિનો ફેંસલો : રાત્રે ૧૨-૦૦ સુધીમાં તમામ પરિણામો જાહેર થવાની સંભાવના, કર્મચારીઓને રીકાઉન્ટીંગનો ભય સતાવી રહ્યો છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

રવિવારે યોજાયેલી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૧૪ તાલુકાની ૪૨૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ઠંડીના પ્રભાવ છતાં મતદારોએ છપ્પડ ફાડકે મતદાન કરી ઉમેદવારોના શ્વાસ અદ્ધર કરી દીધા છે. સાબરકાંઠામાં ૭૭ ટકા અને અરવલ્લીમાં ૭૫ ટકાથી વધુ વિક્રમી મતદાન નોંધાયું છે. મંગળવારે જિલ્લાના નિર્ધારીત કરાયેલા સ્થળોએ મત ગણતરી હાથ ધરાશે ત્યારે ૪૨૧ ગ્રામ પંચાયતના ૧૮૬૮ સરપંચ મૂરતિયાઓના ભાવિનો ફેંસલો થઈ જશે. બેલેટ પેપરથી મતદાન યોજાયું હોવાથી રાત્રે ૧૨-૦૦ સુધીમાં તમામ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર થઈ જાય તેવી સંભાવના છે. જિલ્લામાં નોંધાયેલા ૮.૯૦ લાખ મતદારોમાંથી ૬.૮૯ લાખથી વધુ મતદારોએ મતદાન કરી લોકશાહીને સલામત રાખવાનો પ્રયાસ કર્યો છે. જિલ્લામાં પ્રથમવાર પોલીસના સઘન સુરક્ષા પ્રબંધના કારણે એકાદ-બે બોલાચાલીને બાદ કરતાં ઘર્ષણનો કોઈ બનાવ બન્યો નથી.

રાજ્યના બે મુખ્ય રાજકીય પક્ષો માટે રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી વર્ષ-૨૦૨૨માં યોજાનાર વિધાનસભા ચૂંટણી માટેની સેમીફાઈનલ જેવો ચૂંટણી જંગ હતો જેથી બંન્ને રાજકીય પક્ષોએ પોતાની વિચારધારા સાથે સંકળાયેલા હજારો ઉમેદવારોને સરપંચ અને વોર્ડની ચૂંટણીમાં મેદાનમાં ઉતાર્યા છે. સાબરકાંઠા, અરવલ્લીની ૪૨૧ ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ નિર્ધારીત બનતાં ઉમેદવારો અને તેમના ટેકેદારોએ જંગ જીતવા માટે તમામ તાકાત કામે લગાડી હતી. વતનથી દૂર રહેતા મતદારોને મતદાન માટે ખેંચી લાવવામાં તમામ ઉમેદવારો સફળ થતાં બંન્ને જિલ્લામાં સરેરાશ ૭૭ ટકા ઉપરાંતનું વિક્રમી મતદાન નોંધાયું છે. બેલેટ પેપરથી મતદાન યોજાયું હોવાના કારણે મતદારોને કલાકો સુધી મતદાન મથકો આગળ ઉભા રહેવાની ફરજ પડી હતી.

રવિવારે યોજાયેલા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૨૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ૧૨૩૮ મતદાન મથકો ઉપર મતદાન માટે ભારે ભીડ ઉમટી હતી. ૪૫૦૦ થી વધુ સુરક્ષા કર્મીઓએ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ખડે પગે રહ્યા હતા. મતદાન પુરૂ થયા પછી મત પેટીઓને સઘન સુરક્ષા વચ્ચે મત ગણતરી સ્થળે લઈ જવામાં આવી હતી. વિક્રમી મતદાન પછી તમામ ઉમેદવારો પોતાની જીત પાકી હોવાના દાવા સાથે કાર્યકરો સાથે ખુશાલી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. ટૂંકમાં સરપંચ પદના ૧૮૬૮ અને વોર્ડના ૫૪૮૩ ઉમેદવારોનું ભાવિ મત પેટીમાં સીલ થયા પછી આજે તા.૨૧ના રોજ મત ગણતરી સાથે તમામના ભાવિનો ફેંસલો થઈ જશે. જ્યારે બેલેટ પેપરથી મતદાન થયું હોવાથી પાતળી સરસાઈમાં હાર-જીતના ફેંસલામાં રદ થયેલા મત બબાલનું કેન્દ્ર બિંદુ બનવાની દહેશત સેવાઈ રહી છે.

# ભ્રષ્ટાચાર વધ્યો છતાં એ.સી.બી. કુંભકર્ણની નિદ્રામાં

### અરવલ્લી જિલ્લાની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર વધતાં વચેટીયાઓના પ્રવેશ ઉપર પાબંધી ફરમાવતું જાહેરનામું : કેટલાક નાયબ મામલતદારોના ભ્રષ્ટાચારની ફરીયાદ સરકારમાં પહોંચી

બાયડ, તા. ૨૦

અરવલ્લી જિલ્લાની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર વધતાં સરકારની છબી ખરડાઈ રહી છે. કેટલાંક નાયબ મામલતદારોએ ભ્રષ્ટ્રાચારને શિષ્ટાચાર બનાવી દીધો હતો ત્યારે અરવલ્લી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા સરકારી કચેરીઓમાં વચેટીયાઓના પ્રવેશ ઉપર પાબંધી ફરમાવતું જાહેરનામું બહા પાડ્યું છે અને તેનો અમલ તા.૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધી તમામ કચેરીઓ માટે લાગુ પડશે. સરકારી કચેરીઓમાં જનતા પોતાના કામ માટે આવે છે ત્યારે કેટલાંક બનાવો પરથી સરકારી કચેરીઓ આસપાસ કેટલાક ઈસમો પૈસા પડાવતાં હોવાની તંત્રને ફરીયાદ મળ્યા પછી જાહેરનામું અમલી બન્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવરચિત અરવલ્લી જિલ્લાના બહુમાળી ભવન, જિલ્લા પંચાયત ભવન, મામલતદાર-તાલુકા પંચાયત કવેરી સહિત અન્ય સરકારી કચેરીઓમાં કામ માટે આવતી પ્રજા પાસે ખુલ્લેઆમ પૈસા ખંખેરવામાં આવે છે. અનહદ ભ્રષ્ટાચાર આચારવામાં આવતો હોવા છતાં કોઈપણ અધિકારી કે કર્મચારી સામે પગલાં ભરાયા નથી. જ્યારે કેટલાંક ભ્રષ્ટાચારીઓ એ.સી.બી.ના સકંજામાં આવ્યા તેમાં વચેટીયાઓની ભૂમિકા સામે આવી હતી. જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી બહુમાળી ભવન તેમજ મામલતદાર કચેરીઓમાં ભ્રષ્ટ સરકારી બાબુઓ દ્વારા વચેટીયાઓના માધ્યમથી અરજદારોને ખંખેરવાનું શરૂ કરાયું હતું. જ્યારે ભ્રષ્ટાચારની ફરીયાદી તમામ તાલુકામાં બહાર આવવાની સાથે સરકારી કવેરીઓમાં કામ આવતે અરજદારો પાસેથી કેટલાંક ઈસમો અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે તેવી વિગતો જિલ્લા વહિવટી સમક્ષ પોતાના સરકારી કામ માટે આવેલા હોય તેવા વ્યક્તિઓ અથવા કામ કરતા હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલ હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિ કરી રહેલ હોય તેવા ઈસમોના પ્રવેશ પ્રતિબંધ ફરમાવ્યો છે.

**હુકમનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહી થશે : અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**

જિલ્લાની મહેસુલી ક્ચેરીઓમાં કામ માટે આવતા લોકો પાસેથી છેતરપીંડી કરી પૈસા પડાવતાં હોવાની ફરીયાદો મળતાં અરવલ્લી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ પ્રદિપસિંહ રાઠોડ દ્વારા જાહેરનામું બનાવ્યું છે અને જાહેરનામાનો ભંગ કરનારા સામે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું છે.